પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 07-11-2026 **Midday: 1.20 TO 1.30**
Day: SATURDAY **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની રાષ્ટ્રગીત વંદે માતરમની 151મી વર્ષગાંઠ નિમિતે દેશને મજબૂત બનાવવાં તેમજ દેશની પ્રગતિમાં યોગદાન આપવા અપીલ.
2. ઓઇલ કંપનીઓએ જણાવ્યું કે, સમગ્ર દેશમાં પૂરો પાડવામાં આવતું E20 પેટ્રોલ ભારતીય માનક બ્યુરોના ધોરણોનું પાલન કરે છે.
3. ભારતનું 2030 સુધીમાં 300 મિલિયન ટન સ્ટીલ ઉત્પાદનનું લક્ષ્ય હોવાનું જણાવતાં કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડી.
4. CBSE 2027ની બોર્ડ પરીક્ષાઓનું સમયપત્રક જાહેર - 16 ફેબ્રુઆરીથી પરીક્ષાઓ શરૂ થશે.
5. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં દિવાળીની ઉજવણીમાં ભાગ લીધો.
6. પુરુષ ક્રિકેટમાં, વેલિંગ્ટન ખાતે બીજી વનડેમાં ભારતે ન્યુઝીલેન્ડને 134 રનમાં ઓલઆઉટ કર્યું.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

PREZ-VANDEMATRAM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રગીત વંદે માતરમની 151મી વર્ષગાંઠ પર રાષ્ટ્રને અભિનંદન આપ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વતંત્રતા ચળવળ દરમિયાન, વંદે માતરમ દેશભક્તો માટે હિંમત, એકતા અને સંકલ્પનું સૂત્ર બની ગયું. તેમણે કહ્યું કે આજે પણ, તે રાષ્ટ્રીય ઓળખ, આત્મસન્માન અને માતૃભૂમિ પ્રત્યેની ભક્તિનું પ્રતીક છે.

રાષ્ટ્રપતિએ નાગરિકોને વંદે માતરમમાં સૌપ્રથમ સમાયેલી રાષ્ટ્રની ભાવનાને સ્વીકારવા અને દેશને મજબૂત અને પ્રગતિમાં યોગદાન આપવા અપીલ કરી.

SIKKIM RAJNATH SINGH

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આવતીકાલે સિક્કિમની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન, તેઓ ભારત-ચીન સરહદ પર તૈનાત સૈનિકો સાથે દિવાળી ઉજવશે.

શ્રી સિંહ દેશની રક્ષામાં સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા માટે નાથુલા નજીક શેરાથંગ યુદ્ધ સ્મારકની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ સરહદ પર તૈનાત સૈનિકો સાથે વાતચીત કરશે.

OIL COMPANY - E 20

જાહેર ક્ષેત્રની ઓઇલની ત્રણ કંપનીઓ - ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ - એ સ્પષ્ટતા કરી છે કે, તેઓ દેશભરમાં જે **E-20** પેટ્રોલ સપ્લાય કરે છે તે ભારતીય માનક બ્યુરોના ધોરણોનું પાલન કરે છે.

તેલ કંપનીઓ તરફથી આ સ્પષ્ટતા કર્ણાટક સરકારના ખાદ્ય, નાગરિક પુરવઠા, ગ્રાહક બાબતો અને કાનૂની મેટ્રોલોજી વિભાગ દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝ બાદ આવી છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે રાજ્યના કેટલાક પેટ્રોલ પંપ પર વેચાતા પેટ્રોલમાં ઇથેનોલનું પ્રમાણ **26** થી **31** ટકા સુધી છે. તેલ કંપનીઓએ જણાવ્યું હતું કે **27** રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી એકત્રિત કરાયેલા **893** નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને કર્ણાટકના **56** સહિત તમામ નમૂનાઓ નિર્ધારિત ધોરણોનું પાલન કરતા હોવાનું જાણવા મળ્યું હતું.

REDDY-MINING

કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે ભારત 2030 સુધીમાં 300 મિલિયન ટન અને 2047 સુધીમાં 500 મિલિયન ટન સ્ટીલનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખે છે. ગોવામાં ખાણ મંત્રીઓની ચોથી બે દિવસીય પરિષદના સમાપન બાદ તેમણે આમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ભારત હાલમાં વાર્ષિક આશરે 168 મિલિયન ટન સ્ટીલનું ઉત્પાદન કરે છે. સ્ટીલ અને સિમેન્ટની ઉપલબ્ધતામાં વધારો થવાથી ઘરો બનાવવાનું પણ સસ્તું બનશે.

ભારત વિશ્વનો બીજો સૌથી મોટો કોલસા ઉત્પાદક અને ગ્રાહક દેશ છે. તેમણે નોંધ્યું હતું કે ખાણકામ ક્ષેત્ર આશરે 30 લાખ લોકોને રોજગારી આપે છે અને કોલસો દેશની વીજળીના આશરે 73 થી 74 ટકા ઉત્પાદન કરે છે.

આ બે દિવસીય પરિષદમાં તેલંગાણા, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ અને કેરળ સહિત અનેક રાજ્યોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

RIJIJU - AL RAHMAH MOSQUE

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ સાઉદી અરેબિયાના જેદ્દાહમાં ઐતિહાસિક અલ રહેમા મસ્જિદ, જે ફ્લોટિંગ મસ્જિદ તરીકે જાણીતી છે, તેની મુલાકાત લીધી.

શ્રી રિજિજુ ગઈકાલે છઠ્ઠી હજ પરિષદ અને પ્રદર્શન 2027 માં હાજરી આપવા અને સાઉદી અરેબિયા સાથે દ્વિપક્ષીય હજ કરાર પર હસ્તાક્ષર કરવા માટે જેદ્દાહ પહોંચ્યા હતા. તેઓ 2027 માં ભારતીય યાત્રાળુઓ માટે સલામત, સરળ અને આરામદાયક હજ યાત્રા સુનિશ્ચિત કરવા માટેની તૈયારીઓની પણ સમીક્ષા કરશે.

NADDA-CANCER DAY

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ નિમિત્તે લોકોને કેન્સર નિવારણ અંગે જાગૃતિ લાવવા, પ્રારંભિક ચેતવણીના સંકેતોને ઓળખવા અને સમયસર સ્ક્રીનીંગ અને સારવારને પ્રોત્સાહન આપવા હાકલ કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી નડ્ડાએ ભાર મૂક્યો હતો કે કેન્સર સામેની લડાઈમાં જાગૃતિ અને સ્ક્રીનીંગની સુલભતા મહત્વપૂર્ણ છે. તેમણે લોકોને ભલામણ મુજબ મોઢું, સ્તન અને સર્વાઇકલ કેન્સર સહિત સામાન્ય કેન્સર માટે સ્ક્રીનીંગ કરાવવા અપીલ કરી. તેમણે લોકોને નિયમિત કસરત કરવા, સ્વસ્થ આહાર જાળવવા અને જો તેમને કોઈ અસામાન્ય લક્ષણો દેખાય તો પરીક્ષણ કરાવવાની સલાહ આપી.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

CBSE TIME-TABLE

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ 2027 માં ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાઓનું સમયપત્રક જાહેર કર્યું છે. બંને વર્ગોની પરીક્ષાઓ આવતા વર્ષે 16 ફેબ્રુઆરીથી શરૂ થશે. પરીક્ષાઓ સવારે સાડા દસ વાગ્યે શરૂ થશે. ધોરણ 10ની પરીક્ષાઓ 9 માર્ચથી શરૂ થશે અને ધોરણ 12ની પરીક્ષાઓ 9 એપ્રિલના રોજ પૂર્ણ થશે.

અગાઉ, બોર્ડે 2026-27 શૈક્ષણિક સત્ર માટે પ્રેક્ટિકલ પરીક્ષાઓની તારીખો પણ જાહેર કરી હતી. ભારત અને વિદેશની તમામ સંલગ્ન શાળાઓમાં ધોરણ 10 અને 12 માટે પ્રેક્ટિકલ પરીક્ષાઓ અને આંતરિક મૂલ્યાંકન આગામી વર્ષે 1 જાન્યુઆરીથી 13 ફેબ્રુઆરી સુધી લેવામાં આવશે.

બોર્ડે પરીક્ષા શરૂ થવાના 101 દિવસ પહેલા પરીક્ષાનું સમયપત્રક જાહેર કર્યું હતું. વિદ્યાર્થીઓ તેને CBSE ની સત્તાવાર વેબસાઇટ, cbse.gov.in પર જોઈ શકે છે.

ELECTION - NEW ZEALAND

ન્યુઝીલેન્ડની સામાન્ય ચૂંટણી માટે મતદાનનો આજે અંતિમ દિવસ છે. ન્યુઝીલેન્ડના ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ગુરુવાર સુધીમાં આશરે 38 લાખ નોંધાયેલા મતદારોમાંથી 16 લાખથી વધુ લોકોએ મતદાન કર્યું હતું.

(V/C: KRISHNAN)

DIWALI-WHITE HOUSE

વ્હાઇટ હાઉસમાં દિવાળીનો તહેવાર ઉજવવામાં આવ્યો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દીપ પ્રગટાવીને દિવાળીની ઉજવણીમાં ભાગ લીધો. ભારતીય-અમેરિકન સમુદાયના અનેક અગ્રણી વ્યક્તિઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય ક્વાત્રા પણ ઓવલ ઓફિસમાં હાજર હતા. ભારતીય ટેકનોલોજી ઉદ્યોગસાહસિક વિશાલ ગોંડલે રાષ્ટ્રપતિ ટ્રમ્પને હનુમાન ચાલીસાની એક નકલ ભેટમાં આપી હતી.

વ્હાઇટ હાઉસમાં દિવાળીની ઉજવણી **2003**માં તત્કાલીન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશ દ્વારા શરૂ કરવામાં આવી હતી. **2009**માં, તત્કાલીન રાષ્ટ્રપતિ બરાક ઓબામા વ્હાઇટ હાઉસના પૂર્વ ખંડમાં દીવો પ્રગટાવનારા પ્રથમ યુએસ રાષ્ટ્રપતિ બન્યા. ત્યારથી, દિવાળી પર વ્હાઇટ હાઉસમાં દીવા પ્રગટાવવાની પરંપરા દર વર્ષેથી ચાલી આવી છે.

REV. MENS' CRICKET DAY

ક્રિકેટમાં, ન્યુઝીલેન્ડે વેલિંગ્ટનમાં રમાઈ રહેલી બીજી વનડેમાં ભારતને 135 રનનો લક્ષ્યાંક આપ્યો. ભારતે ન્યુઝીલેન્ડને 41 ઓવરમાં 134 રનમાં ઓલઆઉટ કર્યું. ભારત તરફથી ગુર્નૂર બ્રારે ચાર વિકેટ લીધી, જ્યારે આકિબ નબી અને અક્ષર પટેલે બે-બે વિકેટ લીધી. બીજી તરફ હાલ ભારતની બેટિંગ ચાલી રહી છે. છેલ્લાં મળતાં અહેવાલ અનુસાર ભારતના 12 ઓવરમાં 3 વિકેટે 45 રન થયા છે.

વરસાદને કારણે મેચ 47 ઓવર પ્રતિ ટીમ કરવામાં આવી હતી. ભારત પાંચ મેચની શ્રેણીમાં 1-0થી આગળ છે.

IMD WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી કેરલમ, માહે, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આ જ સમયગાળા દરમિયાન દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને લક્ષદ્વીપ પર વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી પણ કરી છે.

દરમિયાન, દિલ્હી-**NCR** માં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં નોંધાઈ.

UAE MINISTER

સંયુક્ત આરબ અમીરાતના નાણા અને પર્યટન મંત્રી અબ્દુલ્લા બિન તૌક અલ મારીએ ગઈકાલે દુબઈ ફિટનેસ ચેલેન્જ પાંચ કિલોમીટરની દોડમાં ભાગ લીધો હતો. ભારતીય વાણિજ્ય દૂતાવાસ દ્વારા આયોજિત આ સામુદાયિક દોડમાં 60 ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો હતો, જેમાં દુબઈમાં ભારતના મહાવાણિજ્ય દુત ડૉ. ઈ. વિષ્ણુવર્ધનનો પણ સમાવેશ થાય છે.

આ દોડ 2017 થી દર વર્ષે દુબઈમાં યોજાઈ રહી છે. તે સતત ત્રીસ દિવસ સુધી દરરોજ ત્રીસ મિનિટ શારીરિક રીતે સક્રિય રહેવા માટે પ્રોત્સાહિત કરે છે. તેનો ઉદ્દેશ્ય દુબઈમાં ફિટનેસ અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે.